# ગુજરાત સૌથી ઓછા ૩.૪ ટકાના બેરોજગારી દર સાથે દેશભરમાં રોજગાર આપવામાં અગ્રેસર

**મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના દિશાનિર્દેશનમાં ગુજરાતની ગૌરવસિદ્ધિ : ગત વર્ષના ૪.૫ ટકાના પોતાના જ રેકોર્ડને આ વર્ષે તોડતું ગુજરાત**

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત સમગ્ર દેશમાં સૌથી ઓછા ૩.૪ ટકાના બેરોજગારી દર સાથે દેશભરમાં રોજગારી આપવામાં અગ્રેસર રહ્યું છે. તાજેતરના પીરીયોડિક લેબર ફોર્સ સર્વે ડૉકયુમેન્ટમાં આ વિગતો સામે આવી છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના દિશાનિર્દેશનમાં રાજ્યમાં MSME સેકટર સહિતના ઊદ્યોગોને રાજ્ય સરકારના પ્રોત્સાહનો, સરળ નીતિઓ, ત્વરિત લોન સહાય, લેબર રિફોર્મ્સ અને ઊદ્યોગ સંસ્થાપનમાં સરળતાને પગલે વધુ ઊદ્યોગો રાજ્યમાં આવતાં આ વર્ષે આ બેરોજગારી દર ગત વર્ષના ૪.૫ ટકાથી પણ ઘટીને ૩.૪ ટકા થઇ ગયો છે જે ગુજરાતની એક વિશિષ્ટ સિદ્ધિ છે.

આ સર્વે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ સ્ટેટેટીકસ એન્ડ પ્રોગ્રામ ઈમ્પલીમેન્ટેશનના નેશનલ સ્ટેટેટીકલ ઓફિસ દ્વારા હાથ ધરવામાં આવે છે. શહેરી વિસ્તારોમાં ૧૫ થી ૫૯ વર્ષની વય જૂથમાં ગુજરાત દેશમાં સૌથી ઓછા ૩.૪ ટકાના બેરોજગારી દર સાથે પ્રથમ ક્રમ મેળવ્યો છે તેવું આ સર્વેની વિગતો પરથી ફલિત થયું છે.

વિશેષ ઉલ્લેખનીય એ છે કે, ગુજરાતે પોતાનો જ અગાઉના વર્ષનો આવો સૌથી ઓછી બેરોજગારીનો રેકોર્ડ આ વર્ષે તોડયો છે.

આ જ સર્વેમાં ગયા વર્ષે ગુજરાત ૪.૫ ટકાના સૌથી ઓછા બેરોજગારી દર સાથે દેશમાં અગ્રેસર રહ્યું હતું.

ગુજરાતની તૂલનાએ બેરોજગારી દરમાં અન્ય મોટા રાજ્યો કર્ણાટક ૫.૩, મહારાષ્ટ્ર ૬.૬, તામિલનાડુ ૭.૨, આંધ્રપ્રદેશ ૭.૮, હરિયાણા ૯ અને કેરાલા ૧૧ તેમજ તેલંગાણા ૧૧.૫ ટકાનો બેરોજગારી દર ધરાવે છે.

# સીબીએસઈ ધો.૧૦-૧૨નું પરિણામ ૧૫ જૂલાઈ સુધીમાં જાહેર કરશે

ગાંધીનગર, તા. ૨૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) તેમજ ઈન્ડિયન સર્ટિફિકેટ ઓફ સેકેન્ડરી એજ્યુકેશ (આઈસીએસઈ)એ બોર્ડની પરીક્ષાનું પરિણામ ૧૫ જુલાઈના રોજ જાહેર કરવાનું જણાવ્યું છે. સીબીએસઈ બોર્ડ એક્ઝામના કંટ્રોલર શ્યામ ભારદ્વાજે જણાવ્યું હતું કે, કોરોના મહામારીને પગલે સીબીએસઈના ધો. ૧૦ અને ધો. ૧૨ના બોર્ડના વિદ્યાર્થીઓની બાકી રહેલા વિષયોની પરીક્ષા રદ કરવાં આવી છે.

હવે બોર્ડના વિદ્યાર્થીઓનું પરિણામ વૈકલ્પિક મૂલ્યાંક પદ્ધતિ દ્વારા જાહેર કરાશે. ધો. ૧૨ના વિદ્યાર્થીઓને પરિસ્થિતિમાં સુધારા બાદ પરીક્ષા આપીને તેમનો સ્કોર વધારવા માટેનો વિકલ્પ આપવામાં આવશે. જ્યારે બાકીના વિદ્યાર્થીઓ જેઓ પરીક્ષામાં હાજર રહ્યા હોવાનો વિકલ્પ પસંદ કરશે તેમના ગુણ અંતિમ રહેશે તેમ ભારદ્વાજે એક પરિપત્રમાં જણાવ્યું હતું.

સીબીએસઈના ધો. ૧૦ના બોર્ડના વિદ્યાર્થીઓને હવે પછી પરીક્ષા આપવાનો વિકલ્પ નહીં મળે. બોર્ડ દ્વારા જાહેર કરાયેલું તેમનું પરીણામ અંતિમ રહેશે. ધો. ૧૦ના વિદ્યાર્થીઓનું છેલ્લી ત્રણ પરીક્ષાના ગુણને આધારે સરેરાશ મૂલ્યાંકન કરી માર્ક આપી પરિણામ જાહેર કરાશે.

સુપ્રીમ કોર્ટે શુક્રવારે કેન્દ્ર અને સીબીએસઈ બાકીની બોર્ડની પરીક્ષાઓ રદ કરીને પરિણામ જાહેર કરવાની યોજનાને મંજૂરી આપી હતી. જસ્ટિસ એ એમ ખાનવિલકર, જસ્ટિસ દિનેશ મહેશ્વરી અને જસ્ટિસ સંજીવ ખન્નાની બેન્ચે સીબીએસઈને કોરોનાકાળમાં બોર્ડની બાકી રહેલી પરીક્ષાઓ રદ કરવાનું જાહેરનામું જાહેર કરવા મંજૂરી આપી હતી. કેન્દ્ર તેમજ સીબીએસઈ વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરતા જણાવ્યું હતું કે બાકી રહેલી બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીએ આપેલી છેલ્લી ત્રણ પરીક્ષાના માર્કર્સને આધારે ગુણ ફાળવવામાં આવશે. સીબીએસઈ અને આઈસીએસઈએ કોર્ટને જણાવ્યું હતું કે ધો. ૧૦ અને ધો. ૧૨ના વિદ્યાર્થીઓનું પરિણામ જુલાઈ મધ્યમાં જાહેર કરી દેવાશે.

## બાવળામાં બેંક ઓફ બરોડાનો કર્મી પત્નીના ખાતામાં ૧.૭૦ કરોડ ટ્રાંસફર કરી ફરાર

અમદાવાદ ના બાવળા ની બેંક ઓફ બરોડા શાખામાં ૧,૬૯,૭૫,૯૦૨/રૂપિયાની ઉચાપતની ફરિયાદ બાવળા પોલીસ સ્ટેશનમા નોંધાઈ છે. ઉલ્લેખનિય છે કે ઉચાપત કરનાર બાવળા બેંક ઓફ બરોડા શાખાનો સ્પેશયલ આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતો કર્મચારી જ છે. બાવળાની બેંક ઓફ બરોડા શાખમાં સ્પેશિયલ આસિસ્ટન્ટે પોતાના તેમજ બેંકના બીજા કર્મચારીઓના આઈડી અને પાસવર્ડનો દુરુપયોગ કરીને ગ્રાહકોના ખાતાની એફડી તોડીને અને ગ્રાહકોના બચત ખાતાના બેલેન્સમાંથી ૧,૬૯,૭૫,૯૦૨ તેની પત્નીનાં ખાતામાં ટ્રાન્સફર કરી પૈસા ઉપાડી લીધા હતા. બેંક ઓફ બરોડા ની વિજિલન્સ ટિમ ના સર્વેલ્સનમાં ધ્યાને આવ્યું કે ભારતી ચુનારા નામના એકાઉન્ટ મા છેલા ૩ થી ૪ માસમાં મોટી મોટી રકમ વારંવાર જમા થઈ રહી છે. જે શંકાસ્પદ લાગતા બેંક એકાઉન્ટની વિગતો તપાસવામાં આવી અને એ એકાઉન્ટ બેંકના જ કર્મચારી કિરણ ચુનારાની પત્નીનું સામે આવતા વધુ શંકા જતા તપાસ કરવામં આવી હતી. અમદાવાદ બેંક ઓફ બરોડાની વિજિલન્સ ડિપાર્ટમેન્ટ ખાતે રિજિઓનલ મેનેજરે બાવળા પોલીસમાં ફરિયાદ નોંધાવતાની સાથે જ આરોપી કિરણ ચુનારા ફરાર થઈ ગયો છે. ત્યારે બાવળા પોલીસે આરોપી ની શોધખોળ શરૂ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓને ઉત્તરવહી અવલોકન માટે નહિ બોલાવાય ગાંધીનગર

## રાજ્યમાં ચાર ઝોન બનાવી હાથ ધરાશે કામગીરી

ગાંધીનગર,તા.૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા ધોરણ-૧૦,૧૨ના પરિણામ જાહેર કરવામાં આવ્યા છે. ત્યારબાદ ઉત્તરવહી અવલોકન માટે વિદ્યાર્થીઓએ અરજી કરી હતી. સામાન્ય સંજોગોમાં અરજદારોને અવલોકન માટે ગાંધીનગર બોલાવાતા હોય છે, પરંતુ વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખી ૪ ઝોનમાં અવલોકનની કામગીરી વહેંચી છે. ગાંધીનગરમાં કોરોનાને લઈ શિક્ષણ બોર્ડે આજે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

શિક્ષણ બોર્ડેના નિર્ણય પ્રમાણે અવલોકન માટે વિદ્યાર્થીઓને ગાંધીનગર બોલાવવામાં આવશે નહીં તેવો એક નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં ચાર ઝોન બનાવી ત્યાં જ કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શિક્ષણ બોર્ડે રાજકોટ, અમદાવાદ, સુરત, વડોદરામાં સેન્ટર બનાવાયા છે. જ્યાં જઈને વિદ્યાર્થીઓ પોતાની ઉત્તરવહી જોઈ શકશે. આ નિર્ણયથી હાલ વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# છાલા સેવા સહકારી મંડળી લી. ના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી


પટેલ મણીલાલ એચ


પટેલ અમૃતલાલ બી


પટેલ દશરથભાઈ એમ

ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર તાલુકાની છાલા સેવા સહકારી મંડળીની સંસ્થાના વ્યવસ્થાપક કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં મંડળીના ચેરમેન તરીકે પટેલ મણીલાલ હરિભાઈ, વાઈસ ચેરમેનપદે અમૃતભાઈ ભીખાભાઈ તથા માનદમંત્રી તરીકે પટેલ દશરથભાઈ મોતીભાઈની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.




ગાંધીનગર જિલ્લા બક્ષીપંચ મોરચા વીડિયો કોન્ફરન્સમાં જિલ્લા અધ્યક્ષ નૈલેષભાઈ શાહની ઉપસ્થિતિમાં વક્તા રણછોડભાઈ રબારીએ માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સૌનો સાથ - સૌનો વિકાસની લોકહિતાર્થેની સરકારની સિદ્ધિઓ - ઉપલબ્ધિઓ સાથે કાર્યકર્તાઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## આજે 'આર્ષ' શોધ સંસ્થાન, ગાંધીનગર દ્વારા ઓનલાઈન લાઈવ 'પ્રાચીન યોગ અને વર્તમાન Yoga પરિચય' વિષય પરનું ૯૨મું પ્રવચન

ગાંધીનગર, તા. ૨૬

આધુનિક યુગમાં 'સ્વાસ્થ્ય' અને મનની શાંતિ માટે તે સૌથી વધુ અનિવાર્ય બન્યો છે. ભારતીય પ્રાચીન પરંપરાથી વહેતો લ્લયોગલ્લ શબ્દ હજારો વર્ષ પુરાણો છે. ભારતીય ઋષિઓની વિશ્વને અનોખી દેણ છે. સૌ કોઈ માટે યોગ જીવનની નવી દિશા ખોલી આપે છે.

વિશ્વનો સૌથી પ્રાચીન ગ્રંથ એટલે ઋગ્વેદ. તેમાં પણ યોગના બીજ અનુભવાય છે. આમ પ્રાચીનકાળથી ચાલી આવતી યોગની પરંપરા ઉપનિષદો, ઈતિહાસગ્રંથો, પુરાણો, સૂત્રગ્રંથો, પંચરાત્ર-વૈખાનસ, શૈવાગમ-શાક્તાગમ વગેરે તંત્રના ગ્રંથો, જૈન-બૌદ્ધ વગેરે હિન્દુ-ભિન્ન ધર્મોનું સાહિત્ય વગેરેનાં લાખો શ્લોકોમાં સંગ્રહાયેલી છે. ભારત, નેપાળ, તિબેટ, ચીન, અગ્નિ-એશિયાનાં દેશો, મોક્સિકો વગેરેમાં પણ પ્રાચીન સમયથી યોગ અથવા તેને મળતી પ્રાણાયામ વગેરેની રજૂઆતનાં સંદર્ભો પ્રાપ્ત થાય છે.

'યોગ ને સાંખ્ય રે પંચરાત્ર વેદાંત, એ શાસ્ત્રનો રે રહસ્ય કહે કરી ખાંત'

ભગવાન સ્વામિ નારાયણના




સમકાલીન પરમહંસ સદ્ગુરુ પ્રેમાનંદ સ્વામીની આ કડી સુપ્રસિદ્ધ છે. આ કડીમાં જણાવેલ ચારેય શાસ્ત્રોનું રહસ્ય વચનામૃત ગ્રંથમાં પણ જણાવ્યું છે. યોગ જીવનની એક એવી કળા છે, જે વ્યક્તિને દુઃખો-રોગોથી મુક્તિ અપાવી, તેને સમાધિ સુધી લઈ જઈને ભગવત્સુખની અનુભૂતિ કરાવે છે. વર્તમાનકાળે ભારત તથા વિશ્વનો મોટો ભાગ શરીર સ્વાસ્થ્ય માટે યોગની સાધના કરે છે. ત્યારે એ રહસ્યને વિદ્વાનો સમક્ષ ઉપસ્થિત કરવા માટે તેમજ વિશ્વમાં અત્યંત પ્રસિદ્ધિ પામતા પ્રાચીન લ્લયોગલ્લ અને વિદેશોમાં ર્ઙ્ઘજ્ઞટ્ઠ નામથી ચાલતી વિકૃતિની સાચી સમજ યોગશિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ તેમનાં દ્વારા સમગ્ર જનતા જાણે તેવા ઉદાત્ત આશયથી આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળાનું પ્રવચન-૯૨ દર્શન-તત્ત્વજ્ઞાન અંતર્ગત તા.૨૭-૦૬-૨૦૨૦, શનિવાર સાંજે ૦૫-૦૦ થી ૦૭-૦૦ કલાક દરમ્યાન Live Link https://gg.gg/bapsakdmglive 'પ્રાચીન યોગ અને વર્તમાન Yoga પરિચય' વિષય પર આયોજન કરેલ છે. જેમાં લ્લઆર્ષ શોધ સંસ્થાન, ગાંધીનગરલ્લના નિયામક અને ષડ્દર્શનાચાર્ય, પી.એચ.ડી, ડી.લીટની પદવી ધરાવતા વિદ્વાન વ્યાખ્યાનકાર ડૉ. સ્વામી શ્રુતિપ્રકાશદાસ પોતાની લાક્ષણિક શૈલીમાં આ વિષય પર પ્રવચન આપશે.

સાથે સાથે ભગવાન સ્વામિનારાયણ તથા ગુણાતીત ગુરુઓમાં યોગની સાધના કઈ રીતે જીવંત છે તેનું નિરૂપણ આનંદસ્વરૂપદાસ સ્વામી (મહંત અક્ષરધામ, ગાંધીનગર) કરશે. આ પ્રવચનનો લાભ ઈન્ટરનેટના માધ્યમથી લાઈવ લેવા જનતાને ભાવભીનું નિમંત્રણ છે.

# ધો-૧૨ પછી એમ.બી.એ કરવા માંગુ છું, માહિતી આપશો?



**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શન પ્રશ્નમંચ
**હાર્દિક કે પરીખ**

નમસ્કાર. "કરિયર કોર્નર" કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એ જ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. હું ગુજરાતી મીડિયમનો વિદ્યાર્થી છું. શુ હું યુ.પી.એસ.સી ની પરીક્ષા ગુજરાતી માં આપી શકું?અંગ્રેજી વાંચવામાં અને સમજવામાં તકલીફ પડે છે.શું કરવું?**

**- દીક્ષિત પીપલિયા**

UPSC ની પરીક્ષા અન્ય પરીક્ષાઓ ની જેમ જ એક સ્પર્ધાત્મક પરીક્ષા છે! દરેક પરીક્ષા એની રીતે એની જરૂરત મુજબ ના માપદંડ ચકાસે છે! હા એટલું ચોક્કસ કહી શકાય કે આ પરીક્ષા થોડી પડકારજનક ખરી ! ઘણા વિદ્યાર્થીઓ અમુક ગેરમાન્યતાના કારણે આ પરીક્ષા થી ડરતા હોય છે. આ પરીક્ષા કોઈ રોકેટ સાયન્સ નથી. અહિયાં તમને આઈન્સ્ટાઈન ના સમીકરણો સોલ્વ નથી કરાવતા ! અહી આપણી આસપાસ બનતી રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ઘટનાઓ ની એક સાદી પણ ગહન સમજ માંગી લે છે.. સતત અભ્યાસ થી આ પ્રકારની વિશ્લેષણ ક્ષમતા કેળવી શકાય છે. એક ગેરમાન્યતા એ પણ છે કે આ પરીક્ષા ગુજરાતી મધ્યમનો વિદ્યાર્થીઓ ના પાસ કરી શકે. ગુજરાતીઓ નું ગજું જ ના હોત તો UPSC ગુજરાતીઓ ને તક પણ શું કામ આપત ? ગુજરાત માં વર્ષોથી આ પરીક્ષા માં બહુ ઓછા લોકો પાસ થાય છે એનું કારણ એ છે કે આ પરીક્ષા વિષે જાગૃતિનો અભાવ છે અને તેના વિષે ગેરમાન્યતાઓ પણ પુષ્કળ છે! આ ઉપરાંત અત્યાર સુધી ગુજરાતી યુવાનો ને અન્ય ધંધા રોજગાર ની ખૂબ તકો ઉપલબ્ધ રહી છે તેથી એક વિકલ્પ તરીકે સિવિલ સર્વિસીસે યુવાનોનું ધ્યાન નહોતું ખેંચ્યું. પણ હવે સમય બદલાયો છે અને યુવાનો દેશ ની એક પ્રતિષ્ઠિત સિવિલ સર્વિસીસ તરફ આકર્ષાઈ રહ્યા છે બીજું હવે



માર્ગદર્શન આપવા માટે લ્લસ્પીપા જેવી ખમતીધર સંસ્થા પણ ગુજરાતમાં છે. અને ભાષાની વાત કરીએ તો પ્રિલિમ પરીક્ષા આપ હિન્દી તથા અંગ્રેજીમાં આપી શકો છો.જો આપને અંગ્રેજી માં વધુ તકલીફ પડતી હોય તો આપ હિન્દીમાં આપી શકો છો તથા મુખ્ય લેખિત પરીક્ષા તમે ગુજરાતી સહિતની માન્ય ભારતીય ભાષાઓમાં આપી શકો છો. ગુજરાતીમાં સિવિલ સેવા પરીક્ષામાં જે પ્રકાર ની જરૂરીયાત છે તે પ્રકારનું સાહિત્ય બહુ જ ઓછું અને મર્યાદિત છે ! પણ તેની સામે હિન્દી અને ખાસ કરીને અંગ્રેજીમાં પુષ્કળ માત્રામાં મટીરીયલ ઉપલબ્ધ છેજો આ પરીક્ષા માં ભાષા કરતા પણ વધુ અગત્ય ની છે સમજણ ! કેમ કે આ ભાષા કે સાહિત્યની પરીક્ષા નથી ! આ પરીક્ષા વિવિધ વિષયો માં તમારી સમજણ કેટલી છે એની ચકાસણી કરવા માં આવે છે ! બીજું હિન્દી કે અંગ્રેજી માં વાંચીને સમજી ને સરળતા થી ગુજરાતી માં લખી શકાય છે , હા આ પધ્ધતિ ને એડોપ્ટ કરતા થોડો સમય લાગે પણ ધીમે ધીમે આદત પડી જાય છે ! બીજું હિન્દી અને ગુજરાતી માં ઘણા ખરા શબ્દો મળતા આવે એટલે પારિભાષિક શબ્દો કે ટર્મિનોલોજી બાબતે ખાસ ચિંતાનું કારણ નથી.બસ તો આપ વધુ વિચાર્યા અને ચિંતા કર્યા વગર આપ પરીક્ષાની તૈયારી શરૂ કરી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. હું ધો.૧૨ માં અભ્યાસ કરું છું.ધો ૧૨ પછી એમ.બી.એ કરવા માંગુ છું.માહિતી આપશો.**

**- નિધિ આચાર્ય, ગાંધીનગર**

હાલ આપ ધોરણ ૧૨માં છો તેથી આપની લાયકાત જે છે તે મુજબ આપ આઈ.પી.એમ.ની પરીક્ષા આપી શકો છો. ધોરણ ૧૨ પછી એમ.બી.એ. કરવા માટે આઈ.આઈ.એમ-ઈંદૌર ધ્વારા લેવાતી પ્રવેશ પરીક્ષા આઈ.આઈ.એમ-આઈ.પી.એમ આપવાની હોય છે. આ પરીક્ષામાં ઉત્તિર્ણ થયા બાદ આપને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે છે અને ત્યાર બાદ આપનુ સિલેકશન આઈ.આઈ.એમ.માં થતું હોય છે. આમ હાલ આપ ધોરણ ૧૨માં છો તો આપના માટે સી.એ.ટી. પરીક્ષાનો વિકલ્પ ઉપ્લબ્ધ નથી. હાલ આપ ફક્ત આઈ.પી.એમ. અને તેના જેવી અન્ય પરીક્ષા આપી શકો છો. સી.એ.ટી. માટે આપનું ગ્રેજ્યુએશન પૂરુ હોવું જરૂરી છે. અન્ય એક પરીક્ષા છે યુ.જી.એ.ટી. એટલે કે અન્ડર ગ્રેજ્યુએટ એડમીશન ટેસ્ટ જે આપી ધોરણ ૧૨ પછી અન્ય સારી અને પ્રતિષ્ઠિત કોલજમાં એમ.બી.એ માટે પ્રવેશ મેળવી શકો છો.આમ આપ ધોરણ ૧૨ પછી એમ.બી.એ. માટે આઈ.પી.એમ. અને યુ.જી.એ.ટી.ની પરીક્ષા આપી શકો છો. અન્ય એક મહત્વની વાત એ છે કે અન્ય ખાનગી કોલેજો પણ પોતાની પ્રવેશ પ્રક્રિયા યોજતી હોય છે જે આપીને આપ એડમિશન મેળવી શકો છો. આપના બીજા પ્રશ્ન પર આવીએ કે આઈ.પી.એમ અને સી.એ.ટી.માંથી કઈ પરીક્ષા સારી કહી શકાય? તો આપને જણાવી દઈએ કે આ બન્ને પરીક્ષાની સરખામણી કરવાનો કોઈ પ્રશ્ન ઊભો નથી થતો કારણકે આ બન્ને પરીક્ષા થકી આપ આઈ.આઈ.એમ.માં એડ્મીશન મેળવી શકો છો. હા, એક ધ્યાન રાખવાની બાબત એ છે કે આઈ.પી.એમ. બાદ આપ ફકત એક આઈ.આઈ.એમ કે જે ઈંદોર



સ્થિત છે તેમાં એડ્મીશન મેળવી શકો છો.જ્યારે સી.એ.ટી.ની પરીક્ષા બાદ આપની પાસે ભારતભરની અલગ-અલગ ૨૦ આઈ.આઈ.એમ.ના વિકલ્પ ઉપ્લબ્ધ રહે છે. આઈ.પી.એમ.માં સ્પર્ધા સી.એ.ટી.ના પ્રમાણમાં ઓછી રહે છે. આમ, હાલ આપ ધોરણ ૧૨ પછી જો આપનું ધ્યેય નક્કી હોય અને આપ આપનું કરિયર મેનેજમેન્ટ ક્ષેત્રમાં બનાવવા માંગો છો તો આપ અવશ્ય આઈ.પી.એમ અને યુ.જી.એ.ટી. પર પસંદગી ઉતારી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. મે બી.એસ.સી સુધી અભ્યાસ કરેલ છે.પણ મારૂ મન પહેલેથી જ અભિનેતા(એક્ટર) બનવાનું છે.એના માટે શું કરવું?માહિતી આપશો.**

**- અભિજીત, અમદાવાદ**

સૌ પ્રથમ એ જણાવવા માંગીશું કે મોડલ અને એક્ટર એ બંને અલગ-અલગ ક્ષેત્ર છે. આપ ફક્ત મોડેલ પણ બની શકો છો અને ફક્ત એક્ટર પણ બની શકો છો. એક્ટર બનવા માટે મોડેલ હોવું જરૂરી નથી અને તેવી જ એક્ટર હોવ તો મોડલ બનશો જ તેવું જરૂરી નથી. હવે સૌપ્રથમ મોડલની વાત કરીએ તો મોડલ બનવા માટે સૌપ્રથમ અને સૌથી મહત્વની વસ્તુ છે આપનું સંતુલિત શરીર એટ્લે કે આપની ઊંચાઈ અને વજન ખૂબ વધુ પણ ના હોવું જોઈએ અને ખૂબ ઓછું પણ ના હોવું જોઈએ. છોકરા અને છોકરી માટે સામાન્ય ઊંચાઈ અનુક્રમે ૫ ફૂટ ૮ ઈંચ અને ૫ ફૂટ ૪ ઈંચ હોય છે. ઊંચાઈ જો ૬ ફૂટની આસપાસ હોય તો વધુ સારું ગણાય છે. સંતુલિત શરીર માટે આપે નિયમિત કસરત અને સંતુલિત આહાર લેવો જરૂરી છે. ઘણા લોકો શરીર ને મજબૂત બનાવવા માટે જિમમાં જતાં હોય છે તો ઘણા લોકો યોગ કરે છે. બીજી વાત એ કે આપની 'ઝીરો ફિગર' હોય અથવા આપના 'સિક્સ પેક એબ્સ' હોય તોજ આપ મોડલ બની શકો છો એ બાબત એક મિથ્યા છે. ઉપર જણાવ્યા મુજબ, એક સંતુલિત શરીર હોવું જરૂરી છે. અમુક ઉમેદવારો મોડલિંગ એજન્સીના સહારા સાથે પોતાની એક 'પ્રોફેશનલ પ્રોફાઈલ અથવા પોર્ટફોલિયો' પણ બનાવતા હોય છે. બજારમાં એવી પણ ઘણી પ્રાઈવેટ મોડલિંગ એજન્સી ઉપલબ્ધ છે કે જે તમને તમારો પોર્ટફોલિયો તૈયાર કરી આપે છે એટ્લે કે જેમાં આપના અલગ-અલગ એંગલથી ફોટો મૂકવામાં આવેલ હોય છે અને તમારો બાયોડેટા આકર્ષક રીતે તૈયાર કરી આપે છે. એક વસ્તુ અહિયાં કહીશું કે માર્કેટમાં અમુક એવી લેભાગુ એજન્સી પણ હોય છે જે આપને છેતરી પણ શકે છે તો આપ જે પણ એજન્સીનું ચયન કરો છો તેના વિષે સંપૂર્ણ માહિતી જરૂર મેળવી લેજો. અને મોડલિંગ એજેંસીનો સહકાર લેવો તે ફરજિયાત નથી. બીજા ક્ષેત્રની વાત કરીએ તો એક્ટ્રેસ અથવા એક્ટર બનવા માટે એક મીથ એટલે કે માન્યતા એ પણ છે કે આપની પાસે સુંદર ચેહરો હોવો જરૂરી છે. સુંદર અને આકર્ષક ચેહરો હોય તો તે સારી વાત છે પણ તે જરૂરી નથી. તેના ઉધારણનો આપને ખ્યાલ હશે જ. ફિલ્મ અને ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીમાં આપની પાસે એવા ઘણા ઉદાહરણ ઉપલબ્ધ છે કે જેઓ પાસે સિક્સ પેક બોડી ન હોવા છતાં ઉમદા અભિનેતા છે અને સફળતા પ્રાપ્ત



કરી ચૂક્યા છે. એક્ટર બનવા માટે અમુક સ્કૂલ અને કોલેજ પણ હોય છે જે આપને એક્ટર બનવા માટે ટ્રેનિંગ આપે છે. પૂણેમાં આવેલ ફિલ્મ એન્ડ ટેલીવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, અનુપમ ખેરનું એક્ટર પ્રિપેર્સ વિગેરે સંસ્થાઓમાં પણ આપ એડમિશન લઈને ઉમદા ટ્રાઈનીગ પ્રાપ્ત કરી શકો છો. આ બંને ક્ષેત્રમાં આપને સખત અને સતત મહેનત કરવાની હોય છે. આપ એ ક્યારેય પણ નિરાશ અથવા નાસીપાસ થયા વગર ધિરજ રાખીને મહેનત ચાલુ રાખવી જરૂરી છે જેથી આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે. ભણતર હોવું જરૂરી નથી પણ જેટલું ભણતર હોય તેટલું સારું રહે છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner

# જન્મદિને વધામણી


ગોવિંદભાઈ આહિર
ટસ્ટ્રી - કચ્છ સૌરાષ્ટ્ર સમાજ
મો. ૯૮૭૯૪ ૪૩૭૬૫


વિરપાલસિંહ વનરાજસિંહ રાણા
મો. ૮૯૮૦૭ ૫૧૫૩૦


ફારૂક બ્લોચ
મો. ૯૮૨૪૫ ૨૭૭૭૩


મોક્ષ દત્તેષભાઈ ભટ્ટ
મો. ૭૫૭૨૮ ૫૨૮૨૭


વેન્શી રાકેશભાઈ પારેખ
મો. ૯૦૯૯૨ ૮૨૫૫૬


દીવા શાલીન જોષી
મો. ૯૮૨૪૨ ૨૮૩૮૫


અર્શ આસીફ શેખ
મો. ૭૩૫૯૩ ૮૩૬૫૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક